**સ્થાનિકોના વિરોધ વચ્ચે પોલીસ બંદોબસ્ત સાથે કામ ચાલુ રખાતાં વિવાદ**

# ખેડામાં વરસાદમાં આરસીસી રોડના કામમાં બેદરકારીને લઈ રહીશોનો હોબાળો

**ટેક્નિકલ** અધિકારી અને કોન્ટ્રાક્ટરની ગેરહાજરીથી તર્કવિતર્ક

(પ્રતિનિધિ) ખેડા, તા.૨૧

ખેડા શહેરમાં નગરપાલિકા દ્વારા ચાલી રહેલા આર.સી.સી. રોડના કામમાં બેદરકારીના આક્ષેપોને લઈને ગત મોડી રાત્રે સ્થાનિક રહેવાસીઓ અને પાલિકાના હોદ્દેદારો વચ્ચે ભારે ઘર્ષણ સર્જાયું હતું. વરસાદના કારણે અગાઉ બનાવવામાં આવેલ રોડનો ભાગ ધોવાઈ જતાં તે જ સ્થળે રાતોરાત ફરી કામ શરૂ કરવામાં આવતાં સ્થાનિકોએ



તેનો ઉગ્ર વિરોધ કર્યો હતો.

સ્થાનિકો નાગરિકોએ ભારે આક્રોશ સાથે જણાવ્યું કે હતું કે જ્યાં સુધી નગરપાલિકાના એન્જિનિયર, ટેક્નિકલ નિષ્ણાત અથવા કોન્ટ્રાક્ટર સ્થળ પર હાજર ન રહે, ત્યાં સુધી કામ શરૂ ન કરવું જોઈએ. તેમ છતાં સ્થાનિક કાઉન્સિલર, કારોબારી સમિતિના ચેરમેન અને પ્રમુખપુત્રની હાજરીમાં મજૂરો દ્વારા કામ શરૂ કરવામાં આવતાં વાતાવરણ ગરમાયું હતું. બંને પક્ષ વચ્ચે ઉગ્ર બોલાચાલી થતાં મામલો તંગ બન્યો હતો.

પરિસ્થિતિ વણસતા સ્થળ પર હાજર પાલિકાના સભ્યોએ પોલીસને જાણ કરતાં પોલીસ કાફલો સ્થળે પહોંચ્યો હતો. પોલીસની હાજરીમાં રોડનું કામ ચાલુ રાખવામાં આવ્યું હતું. આ ઘટનાને લઈને સ્થાનિકોએ રોષ વ્યક્ત કર્યો છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે રાત્રિના અંધકારમાં પાલિકાના કોઈપણ જવાબદાર ટેક્નિકલ અધિકારી અથવા કોન્ટ્રાક્ટરની હાજરી વગર માત્ર મજૂરો પાસે કામ કરાવવામાં આવ્યું, જે ગુણવત્તા અંગે ગંભીર પ્રશ્નો ઉભા કરે છે. તેમના મતે રોડના કામની તકનીકી ચકાસણી કર્યા વિના કામ આગળ વધારવું જાહેર નાણાંનો દુરુપયોગ સમાન છે.

**કોન્ટ્રાક્ટર સામે કાર્યવાહી થશે : ચીફ ઓફિસર**

ખેડા નગરપાલિકાના ચીફ ઓફિસર સમક્ષ સમગ્ર મામલો પહોંચતાં તેમણે તાત્કાલિક બેઠક બોલાવી હતી. ચીફ ઓફિસરે જણાવ્યું હતું કે જો કોન્ટ્રાક્ટર પોતાની હાજરી વિના માત્ર મજૂરો પાસે કામ કરાવી મનમાની કરતો હોવાનું તપાસમાં સામે આવશે તો તેની સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. કોન્ટ્રાક્ટરને નોટિસ ફટકારી તેનો ડિપોઝિટ જપ્ત કરવા સહિતના કડક પગલાં ભરવામાં આવશે. સાથે જ રોડના કામની ગુણવત્તાની પણ વિગતવાર તપાસ હાથ ધરવામાં આવશે.

# ખંભાતના બે આયુષ્માન મંદિરોમાં દિવ્યાંગો માટેની સુવિધાનો અભાવ

**રેમ્પ અને રેલિંગ** સુવિધા ઉપલબ્ધ ના થતાં દિવ્યાંગ દર્દીઓને ભારે હાલાકી

(પ્રતિનિધિ) ખંભાત, તા.૨૧

સરકારી કચેરીઓ અને જાહેર સ્થળોએ દિવ્યાંગજનોને અવરજવર માટે સરળ અને સુલભ વાતાવરણ ઉપલબ્ધ કરાવવાના કાયદા અમલમાં છે . તેમ છતાં પણ સ્થાનિક સ્તરે તેનું અસરકારક પાલન થતું ન હોવાના દિવ્યાંગોને ઘણી બધી મુશ્કેલીઓ વેઠવી પડે છે. ખંભાત તાલુકાના નગરા અને બામણવા ગામના આયુષ્માન મંદિરોમાં દિવ્યાંગો માટેની મૂળભૂત સુવિધાઓનો અભાવ જોવા મળતા તંત્ર પ્રત્યે ભારે આક્રોશ વ્યકત કરાયો છે.

મળતી માહિતી મુજબ ખંભાતના પ્રજ્ઞાચક્ષુ સામાજિક કાર્યકર રંજનબેન વાઘેલાએ દિવ્યાંગોના અધિકારોના રક્ષણ માટે ગાંધીનગરના વરિષ્ઠ અધિકારીઓ સમક્ષ અનેક વખત લેખિત રજૂઆતો કરી છે. આ રજૂઆતોના આધારે સંબંધિત કચેરીઓને જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા લેખિત સૂચનાઓ પણ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે. તેમ છતાં સ્થાનિક સ્તરે આ સૂચનાઓનો અમલ ન થતાં દિવ્યાંગોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

નગરા ગામના આયુષ્માન મંદિર ખાતે માત્ર રેલિંગની વ્યવસ્થા કરવામાં આવી છે, પરંતુ વ્હીલચેર સાથે સરળતાથી પ્રવેશ મળી રહે તે માટે જરૂરી રેમ્પ બનાવવામાં આવ્યો નથી. બીજી તરફ બામણવા ગામના આયુષ્માન મંદિરની સ્થિતિ વધુ ગંભીર હોવાનું સામે આવ્યું છે, જ્યાં દિવ્યાંગો માટે ન તો રેમ્પની અને ન તો રેલિંગની કોઈપણ સુવિધા ઉપલબ્ધ છે.

આ મામલે આણંદ જિલ્લા દિવ્યાંગ અધિકાર અધિનિયમ-૨૦૧૬ અમલીકરણ સમિતિના ચેરમેન તથા જિલ્લા કલેક્ટરને રજૂઆત કરીને બંને આયુષ્માન મંદિરોની તાત્કાલિક સ્થળ તપાસ કરાવવા અને વિગતવાર અહેવાલ મગાવવાની માંગ કરવામાં આવી છે.

# આણંદમાં એનઆરઆઈના મકાનમાંથી ૧.૪૦ લાખની ચોરી

**ઘરમાં ઘરવખરી** વેરણછેરણ કરી તસ્કરોઓ ત્રાંડવ મચાવ્યુ

(પ્રતિનિધિ) આણંદ, તા ૨૧

આણંદ શહેરની શિતલ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીમાં આવેલા એક બંધ મકાનને નિશાન બનાવી અજાણ્યા ચોરો ૧,૪૦,૦૦૦ની મત્તા ચોરી ફરાર થઈ ગયા છે. જે અંગે આણંદ ટાઉન પોલીસે ફરીયાદ નોંધી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ અમેરિકા રહેતા મકાનમાલિક રાકેશભાઈ પટેલના મકાનની દેખભાળ રાખતા ભાગીદાર હેમલકુમાર પટેલ તા.09-07-2026 ના રોજ રાકેશભાઈના મકાન સામે રહેતા વર્ષાબેનનો ફોન આવ્યો હતો.જેમા તેમણે મકાનનો પાછળનો દરવાજો ખુલ્લો હોવાની જાણકારી આપી હતી. જેથી હેમલકુમારે સ્થળ પર જઇ રૂબરૂ તપાસ કરતા પાછળનો દરવાજો અને જાળી તૂટેલી હોવાની જાણ થતાં ચોરીનો ભેદ ખુલ્લો પડ્યો હતો. ઘરમાં ઘરવખરી વેરણછેરણ કરી તસ્કરોઓ ત્રાંડવ મચાવ્યુ હતુ.

તપાસ દરમિયાન કબાટ અને તિજોરીમાંથી રૂ.૭૫ હ જારની કિંમતના ચાંદીના વિવિધ દાગીના તથા સિક્કા (આશરે ૪૬૦ ગ્રામ) તેમજ ૬૫,૦૦૦ની કિંમતની બે કિંમતી ઘડિયાળો સહિત તસ્કરોએ રૂ. 140000-ની ચોરી મચાવી હતી. આ અંગે આણંદ ટાઉન પોલીસ મથકે અજાણ્યા તસ્કર સામે ગુનો નોંધવામાં આવ્યો છે અને પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

**પીએમ-રાહત ' અને ' રાહ-વીર ' યોજનાનો લાભ માટે માર્ગ સલામતી સમિતિની બેઠકમાં વિશેષ સમીક્ષા**

# ખેડા જિલ્લામાં માર્ગ સુરક્ષા અંતર્ગત અકસ્માતો ઘટાડવા તંત્ર સક્રિય

**૬ બ્લેકસ્પોટ** પર ખાસ કામગીરી કરાશે

(પ્રતિનિધિ) નડીયાદ, તા ૨૧

નડિયાદ સ્થિત કલેક્ટર કચેરી ખાતે તાજેતરમાં જિલ્લા માર્ગ સલામતી સમિતિની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠકમાં જિલ્લામાં માર્ગ અકસ્માતોની સ્થિતિ, અકસ્માતપ્રવણ સ્થળો (બ્લેકસ્પોટ) પરની કામગીરી, માર્ગ સુરક્ષા માટેના લાંબાગાળાના આયોજન તેમજ નામદાર સુપ્રીમ કોર્ટના આદેશથી રચાયેલી ડિસ્ટ્રિક્ટ હાઈવે સેફ્ટી ટાસ્ક ફોર્સની કામગીરીની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી.

જિલ્લામાં અકસ્માતોની સંખ્યા ઘટાડવા માટે ઓળખાયેલા ૬ બ્લેકસ્પોટ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. કઠલાલ તાલુકાના છીપડી પાટીયા ખાતે છેલ્લા ૩ વર્ષમાં ૧૫ અકસ્માતો નોંધાયા હતા, જેમાં ૬ વ્યક્તિઓના મોત થયા છે. અહીં ઓવરબ્રિજ, હાઈ માસ્ટ લાઈટ અને ગેરકાયદે પાર્કિંગ દૂર કરવા સહિતના પગલાં સૂચવાયા છે. ખેડા તાલુકામાં વડાલા પાટીયાથી કાજીપુરા તેમજ કાજીપુરા પાટીયાથી કનેરા વચ્ચે અનુક્રમે ૮ અને ૯ અકસ્માતોમાં ૪ તથા ૮ લોકોના મોત નોંધાતા ગેરકાયદે મીડિયન ઓપનિંગ બંધ કરવા અને સર્વિસ રોડ પૂર્ણ કરવાની કામગીરી ચાલી રહી છે. પોલીસ સ્ટેશનવાર ઉપલબ્ધ આંકડા મુજબ વર્ષ ૨૦૨૫ના જૂન સુધી જિલ્લામાં કુલ ૪૯૧ અકસ્માતો નોંધાયા હતા, જ્યારે વર્ષ ૨૦૨૬ના જૂન સુધીમાં આ સંખ્યા ઘટીને ૪૬૪ થઈ છે. એટલે કે કુલ ૨૭ અકસ્માતોનો ઘટાડો નોંધાયો છે. જોકે ચિંતાજનક બાબત એ છે કે ફેટલ અકસ્માતોની સંખ્યા ૧૩૫થી વધીને ૧૪૦ થઈ છે. મહેમદાવાદ, નડિયાદ રૂરલ, કઠલાલ અને ખેડા ટાઉન વિસ્તારમાં સૌથી વધુ અકસ્માતો નોંધાતા આ વિસ્તારોમાં પેટ્રોલિંગ અને ટ્રાફિક અમલ વધુ કડક બનાવવા સૂચના આપવામાં આવી છે. મહેમદાવાદ તાલુકામાં ખાત્રજ સર્કલ, સિદ્ધિવિનાયક મંદિર બ્રિજ, ખાત્રજ ચોકડીથી રસ્કા ચેકપોસ્ટ, નેનપુર ચોકડી, અકલાચા ચોકડી તથા વારસોલા માર્ગ પર સ્પીડ બ્રેકર, હાઈ માસ્ટ લાઈટ, રોડ ડિવાઈડરની ઊંચાઈ વધારવી, બિનઅધિકૃત મીડિયન કટ બંધ કરવા અને ઝાડની ડાળીઓનું ટ્રીમિંગ કરવા જેવી કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. ઉપરાંત વધતા ટ્રાફિકને ધ્યાનમાં રાખીને એસ.એચ.-૫૯ને નેશનલ હાઈવેમાં સામેલ કરી ફોરલેન બનાવવાની તથા ખેડા-મહેમદાવાદ એસ.એચ.-૬૦ રોડની પહોળાઈ વધારવાની દરખાસ્ત પણ વિચારાધીન છે.

# જનોડ નજીક કારની ટક્કરે બાઈકચાલકનું કરુણ મોત

**કારની પાછળની** સીટમાંથી દારૂનું અડધું ક્વાર્ટર પણ મળી આવ્યું

(પ્રતિનિધિ) આણંદ, તા.૨૧

બાલાસિનોર તાલુકાના જનોડ પાટીયા નજીક દેવથી બાલાસિનોર જતા માર્ગ પર ગઈકાલે રાત્રે એક ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો. જેમા પુરપાટ આવતી કારની ટકકરે મોટરસાયકલ ચાલક યુવાનનું કરૂણ મોત થયુ હતુ. પોલીસે કારચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ લીમડી ગામે રહેતો ૨૫ વર્ષીય લકધીરકુમાર મનુસિંહ ચૌહાણ પોતાની બાઇક (GJ-૩૫-J-૨૭૦૫) લઈને મિત્રને લેવા બાલાસિનોર જઈ રહ્યો હતો, ત્યારે પૂરઝડપે આવી રહેલી વેગનઆર કાર (GJ-૨૧ -BC-૪૮૬૪) ના ચાલકે તેને જોરદાર ટક્કર મારી હતી.

અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા લકધીરકુમારને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં હોસ્પિટલમાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. ઘટના સ્થળેથી મળેલી વેગનઆર કારની પાછળની સીટમાંથી દારૂનું અડધું ક્વાર્ટર પણ મળી આવ્યું હતું. આ મામલે મૃતકના ભાઈ કેતનસિંહ ચૌહાણની ફરિયાદના આધારે બાલાસિનોર તાલુકા પોલીસે કારચાલક વિરુદ્ધ અકસ્માત તેમજ પ્રોહીબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### કપડવંજ તાલુકા પ્રાથમિક શિક્ષક મંડળીના ચેરમેન તરીકે ચિરાગભાઈ પટેલની વરણી કરાઇ

**કપડવંજ |** કપડવંજ તાલુકાની ગરોડ પે સેન્ટર શાળાના આચાર્ય ચિરાગભાઈ આર. પટેલની કપડવંજ તાલુકા પ્રાથમિક શિક્ષકોની સહકારી શરાફી મંડળીના ચેરમેન તરીકે નિમણૂંક કરવામાં આવી છે. આ વરણીથી શાળાના સ્ટાફમાં ગર્વની લાગણી ફેલાઈ છે અને શાળા પરિવાર દ્વારા નવનિયુક્ત ચેરમેનનું કલગી આપી વિશેષ સન્માન કરી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. હંમેશા શિક્ષકોના હિતમાં કાર્યરત રહેતા ચિરાગભાઈએ આ તબક્કે મંડળીના વહીવટી કામકાજમાં દરેક શિક્ષકને સાથ અને સહકાર આપવા જણાવ્યું હતું.



### કપડવંજ ખાતે એસપી યુનિવર્સિટી સંલગ્ન વહીવટી સ્ટાફ યુનિયનની વાર્ષિક સામાન્ય સભા યોજાઈ



**કપડવંજ |** કપડવંજ કેળવણી મંડળના પ્રમુખ ડો. હરીશ કુંડલીયાના અધ્યક્ષ સ્થાને આટર્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે એસપી યુનિવર્સિટી ગ્રાન્ટેડ કોલેજ વહીવટી સ્ટાફ યુનિયનની વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી. આ પ્રસંગે નિવૃત્ત, બઢતી પામેલા અને નવનિયુક્ત કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું તથા કર્મચારીઓના વિવિધ પ્રશ્નોના ઉકેલ માટે રચનાત્મક સંવાદ કરવામાં આવ્યો હતો. ૩. સભા દરમિયાન વહીવટી કામગીરીના પડકારોની સમીક્ષા કરવામાં આવી અને આગામી વર્ષના પ્રમુખ તરીકે નડિયાદ સાયન્સ કોલેજના વિપુલ લખમાણીની વરણી કરવામાં આવી હતી.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
**ગતિવિધિ**
**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### કપડવંજમાં ૧૦૮ની સમયસૂચકતાથી સર્પદંશનો ભોગ બનેલા યુવકનો જીવ બચાવ્યો

**કપડવંજ |** કપડવંજ તાલુકાના ભીમપુરા ગામે રાત્રિના સમયે ઊંઘમાં સાપ કરડતા યુવકની હાલત ગંભીર બની હતી. ૧૦૮ એમ્બ્યુલન્સના સ્ટાફે તાત્કાલિક પહોંચી નિષ્ણાત ડોક્ટરની સલાહ મુજબ યુવકને સર્પદંશ વિરોધી ઈન્જેક્શન આપ્યા હતા. કપડવંજ CHC ખાતે પ્રાથમિક સારવાર આપી યુવકને વધુ સારવાર માટે વાત્રક જનરલ હોસ્પિટલ ખસેડાયો હતો. ૧૦૮ની આ સરાહનીય અને ત્વરિત કામગીરી બદલ પરિવારજનોએ સ્ટાફનો આભાર વ્યક્ત કર્યો હતો.



### સરદાર પટેલ યુનિ.માં 'ભારતીય જ્ઞાન પરંપરા' વિષયક પાંચ દિવસીય તાલીમ કાર્યક્રમનો પ્રારંભ



**આણંદ |** વલ્લભ વિદ્યાનગરની સરદાર પટેલ યુનિવર્સિટીના IQAC અને NITTTR-ભોપાલના સંયુક્ત ઉપક્રમે શિક્ષણમાં ભારતીય મૂલ્યોને વણવા માટે પાંચ દિવસીય ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનો પ્રારંભ થયો છે. કુલપતિ પ્રો. ડો. નિરંજન પટેલે ઉદઘાટન વક્તવ્યમાં ભારતીય જ્ઞાન પરંપરાને આધુનિક શિક્ષણ અને સંશોધનનો મજબૂત આધાર ગણાવી તેના રચનાત્મક અમલીકરણ પર ભાર મૂક્યો હતો. મુખ્ય અતિથિ પ્રો. નિશિત દુબેએ નવી શિક્ષણ નીતિ-૨૦૨૦ના પરિપ્રેક્ષ્યમાં ભારતીય જ્ઞાન સંપદાની વૈશ્વિક પ્રાસંગિકતા અને તેના જીવંત વારસા અંગે અધ્યાપકોને પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું હતું.

### ચારુસેટના નર્સિંગ ઇન્સ્ટિટ્યૂટને પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય એવોર્ડ એનાયત કરાયો




**આણંદ |** હૈદરાબાદમાં યોજાયેલા 4થા ICC નેશનલ નર્સિંગ એક્સલન્સ એવોર્ડ્સમાં ચારુસેટની MTIN સંસ્થાને 'બેસ્ટ ઇન નર્સિંગ એજ્યુકેશન' એવોર્ડ એનાયત થયો છે. પશ્ચિમ ભારતમાં પ્રથમ ક્રમે આવેલી આ સંસ્થાને ઇન્ડિયન નર્સિંગ કાઉન્સિલના પ્રમુખ ડો. ટી. દિલીપ કુમારના હસ્તે સન્માનિત કરવામાં આવી હતી. આધુનિક તાલીમ અને ઉચ્ચ શૈક્ષણિક ધોરણોને કારણે MTIN એ રાષ્ટ્રીય સ્તરે ગુજરાતનું નામ રોશન કરી ઐતિહાસિક સિદ્ધિ મેળવી છે. ચારુસેટના પ્રોવોસ્ટ ડો. અતુલ પટેલ અને રજિસ્ટ્રાર સહિતના મહાનુભાવોએ આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ સંસ્થાને અભિનંદન પાઠવ્યા છે.

### ખંભોળજ પોલીસની 'શી ટીમ' દ્વારા મહિલા જાગૃતિ અને સુરક્ષા કાર્યક્રમ યોજાયો

**આણંદ |** ખંભોળજ પોલીસ સ્ટેશનની 'શી ટીમ' દ્વારા મહિલાઓ અને વિદ્યાર્થીનીઓને વિવિધ કાયદાકીય અને સુરક્ષા મુદ્દે જાગૃત કરવાનો સરાહનીય કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સોશિયલ મીડિયાના સુરક્ષિત ઉપયોગ, સાયબર ક્રાઇમ અને ઓનલાઇન ફ્રોડથી સાવચેત રહેવા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. એન્ટી-રોમિયો સ્ક્વોડની કામગીરી સમજાવી દીકરીઓમાં આત્મવિશ્વાસ વધારવા સાથે છેડતી કરનારા તત્વો સામે કડક કાર્યવાહીનો ભરોસો અપાયો હતો. કટોકટીના સમયે તુરંત મદદ મેળવવા માટે મહિલા હેલ્પલાઇન ૧૮૧ અને પોલીસ ઇમરજન્સી નંબર ૧૧૨ નો ઉપયોગ કરવા વિશેષ સમજ અપાઈ હતી.



### બાકરોલ સ્થિત સ્પેક એમ.બી.એ. કોલેજમાં 'આધારંભ' કાર્યક્રમ અંતર્ગત એક્સપર્ટ ટોક યોજાયું

**આણંદ |** તિરુપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સ્પેક એમ.બી.એ. કોલેજમાં આઈ.એમ.બી.એ.ના નવા વિદ્યાર્થીઓ માટે આયોજિત 'આધારંભ' કાર્યક્રમના પાંચમા દિવસે એક્સપર્ટ લેક્ચરનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય અતિથિ એલિન ક્રિશ્ચિયને વિદ્યાર્થીઓને કારકિર્દીની સફળતાના વિષય પર વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમણે આજના સ્પર્ધાત્મક કોર્પોરેટ યુગમાં સફળ કારકિર્દી બનાવવા માટે આત્મવિશ્વાસ, અસરકારક સંવાદ, નેટવર્કિંગ અને વ્યાવસાયિક નૈતિકતાના મહત્વ પર ભાર મૂક્યો હતો.




### દેવાતજ કેવીકે ખાતે 'ખરીફ પાકોમાં સંકલિત ખાતર વ્યવસ્થાપન' વિષય પર તાલીમ યોજાઈ

**આણંદ |** આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવાતજ દ્વારા આયોજિત આ તાલીમમાં તારાપુર, ખંભાત અને સોજીત્રા તાલુકાના ૫૦ ખેડૂત ભાઈ-બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં વૈજ્ઞાનિક ડો. એસ. વી. રાઠોડે રાસાયણિક ખાતરનો કાર્યક્ષમ ઉપયોગ, જમીન સુધારણા અને જમીન સંરક્ષણ વિશે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. વરિષ્ઠ વૈજ્ઞાનિક ડો. ડી. એમ. રાઠોડે પ્રાકૃતિક કૃષિના આયામો સમજાવી જીવામૃત, બીજામૃત અને નિમાસ્ત્ર બનાવવાની પદ્ધતિનું નિદર્શન કર્યું હતું. આ તાલીમ દ્વારા ખેડૂતોને આધુનિક ખેતી પદ્ધતિઓ અપનાવી જમીનનું સ્વાસ્થ્ય જાળવવા અને ખેતી ખર્ચ ઘટાડવા અંગે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.



### લુણાવાડાના કશ્યપ સુથારે નીટમાં ૯૭.૨૫ પર્સેન્ટાઇલ મેળવી પરિવારનું નામ રોશન કર્યું

**લુણાવાડા |** લુણાવાડાના તેજસ્વી યુવાન કશ્યપ કલ્પેશ કુમાર સુથારે NEET UG ૨૦૨૬ની પરીક્ષામાં ૯૭.૨૫ પર્સેન્ટાઇલ અને ૫૩૧ ગુણ મેળવી શાનદાર સિદ્ધિ હાંસલ કરી છે. પોતાની અથાક મહેનત અને પરિવારના માર્ગદર્શન થકી કશ્યપે સમગ્ર સુથાર સમાજ અને લુણાવાડા નગરનું નામ શિક્ષણ જગતમાં ગૌરવવંતું કર્યું છે. ડોક્ટર બનીને સમાજની સેવા કરવાનું સપનું સેવતા કશ્યપની આ સફળતા આજે અન્ય વિદ્યાર્થીઓ માટે એક મોટો પ્રેરણાસ્ત્રોત બની છે. આ ઉજ્જવળ સફળતા બદલ પરિવારજનો અને સ્નેહીજનો દ્વારા કશ્યપને સોશિયલ મીડિયા તેમજ રૂબરૂ મળીને અઢળક શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે.



### આણંદ શહેરની શિશુવિહાર શાળામાં ભક્તિભાવ સાથે રથયાત્રા પર્વની ઉજવણી કરાઇ

**આણંદ |** ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત શિશુવિહાર શાળામાં આચાર્યા બેલાબેન પટેલના માર્ગદર્શન હેઠળ રથયાત્રાની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના નાના ભૂલકાઓ ભગવાન જગન્નાથ, બલભદ્ર અને બહેન સુભદ્રાજીના મનોહર પાત્રો ધારણ કરી આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. બાળકોને રથયાત્રાના મહિમાની સાથે શ્રદ્ધા, ભક્તિ અને અહંકારરહિત જીવનના પવિત્ર માનવીય મૂલ્યોનું વિગતવાર શિક્ષણ આપવામાં આવ્યું હતું. કેમ્પસ ડાયરેક્ટર મહેશભાઈ પટેલે આ ધાર્મિક ઉત્સવમાં વિશેષ ઉપસ્થિત રહીને બાળકોને પ્રોત્સાહિત કર્યા અને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.



### સીવીએમ યુનિવર્સિટી અને ઝિમ્બાબ્વેની 'હરારે ઇન્સ્ટિટ્યૂટ' વચ્ચે વૈશ્વિક શૈક્ષણિક જોડાણ

**આણંદ |** વલ્લભ વિદ્યાનગરની સીવીએમ યુનિવર્સિટી અને ઝિમ્બાબ્વેની હરારે ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી વચ્ચે આંતરરાષ્ટ્રીય શૈક્ષણિક સહયોગ વધારવા માટે ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી. પ્રેસિડેન્ટ ભિખુભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલ આ સંવાદમાં સંયુક્ત સંશોધન, ટેકનોલોજી ટ્રાન્સફર અને ફેકલ્ટી-વિદ્યાર્થી એક્સચેન્જ પ્રોગ્રામ માટે સકારાત્મક રોડમેપ તૈયાર કરવામાં આવ્યો છે. HIT ના પ્રોફેસર આરોન મુકુયાએ સીવીએમ યુનિવર્સિટીના ઉદ્યોગ-શૈક્ષણિક જોડાણની પ્રશંસા કરી સીવીએમના પ્રતિનિધિમંડળને ઝિમ્બાબ્વે મુલાકાતનું આમંત્રણ પાઠવ્યું હતું. આ આંતરરાષ્ટ્રીય ભાગીદારી થકી આગામી સમયમાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકો માટે શિક્ષણ તેમજ સંશોધન ક્ષેત્રે વૈશ્વિક સ્તરે નવી તકો ઉપલબ્ધ થશે.

